# અમદાવાદના મહે.૩૪મા એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રી (ને.ઈ.એકટ)ની કોર્ટ નં.૨૮,અમદાવાદ શહેર

**C.C.No.12238/18**

**આંક–૧ લગત હુકમ**

**૧.** ફરીયાદી ધ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની પ્રાઈવેટ ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ.

**૨.** સદર કામે આજરોજ ફરીયાદપક્ષે વિડ્રો પુરસીસ રજુ કરવામાં આવેલ છે અને રજુઆત છે કે, પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર રાજીખુશી સમાધાન થઈ ગયેલ છે. જેથી ફરીયાદી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી અને હાલનો કેસ સ્વૈચ્છાએ પરત ખેંચતા હોવાનું લેખિતમાં પુરસીસથી જાહેર કરવામાં આવેલ છે. આમ, પક્ષકારો વચ્ચે રાજીખુશીથી કોર્ટ બહાર સમાધન થયેલ હોવાનું સ્પષ્ટ છે. તેમજ ધી ને.ઈ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુન્હો ધી ને.ઈ.એકટની કલમ–૧૪૭ મુજબ સમાધાન પાત્ર છે. જેથી ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, હાલની ફરીયાદ  ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૭ હેઠળ વિડ્રો કરવા ફરીયાદીને પરવાનગી આપવામાં આવે છે તથા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. હાલનો કેસ વિડ્રોથી ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૫ મી, માહે–એપ્રિલ, વર્ષ:૨૦૨૫ ના રોજ શનીવારની કન્ટીન્યુઅસ લોક અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૦૫–૦૪–૨૫
સ્થળ:અમદાવાદ.

**( સાહીલભાઈ રજાકભાઈ મુલતાની )**
૩૪માં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટની કોર્ટ નં.૨૮,અમદાવાદ શહેર
**GJ01143**